બાલવિનોદ ગ્રંથાવલિ ☆ પુસ્તક પાંચમું



# અંધેરી નગરી

☆

સંપાદક : નાગરદાસ ઈ. પટેલ
ચિત્રકાર : જગમોહન મીસ્ત્રી

૫૦ નયા પૈસા

બાલવિનોદ કાર્યાલય : ૧૪૯ પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબાઈ : ૨

આવૃત્તિ પહેલી : '૪૫ બીજી : '૪૭ ત્રીજી : '૫૦ ચોથી : '૫૩ પાંચમી : '૫૭
છઠ્ઠી : '૬૦ સાતમી : '૬૪ આઠમી : '૬૮ નવમી : '૬૯

☆

'શબ્દમાળા' ની મદદથી વાચન શીખ્યા પછી બાલકો વાચવાનું માગે છે અને એને અનુકૂળ બહુ જ થોડાં પુસ્તકો આપણા સાહિત્યમાં છે. ૭ થી સાત વરસનાં બાલકો માટે વિવિધરંગી પુષ્કળ ચિત્રોવાળાં મોટા અક્ષરે છાપેલાં પુસ્તકોની ખૂબ જરૂર છે. એને માટે અમે **બાલવિનોદ ગ્રંથાવલિની** યોજના કરી છે.

બાલજગત એને સત્કારશે અને એનો બહોળો પ્રચાર કરશે એવી આશા છે.

સંપાદક

☆

: મુદ્રક :
રજનીકાન્ત રા. પટેલ
રજની પ્રિન્ટરી
૧૪૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ-૨

: પ્રકાશક :
સુમતિ નાગરદાસ પટેલ
બાલવિનોદ કાર્યાલય
૧૪૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨



# અંધેરી નગરી

☆

એક હતું શહેર. એનું નામ અંધેરી નગરી.

એનો કારભાર પણ એવો! ચારે તરફ અંધેર! કોઈ વાતનું ઠેકાણું જ નહિ.

એનો એક રાજા હતો.

તદ્દન ગંડુ! ગાંડિયા જેવો. એનું નામ ગંડુ રાજા. અંધેરી નગરી ને ગંડુ રાજા.




એ નગરમાં બધી ચીજનો એક જ ભાવ. ત્રણ પૈસે શેર શાક ને ત્રણ પૈસે શેર બરફી. ત્રણ પૈસે શેર લોટ ને ત્રણ પૈસે શેર દૂધ.

બધું જ ટકે શેર.

કાછિયો ટકાની શેર ભાજી આપે ને કંદોઈ ટકાનાં શેર ખાજાં આપે.

ટકે શેર ભાજી ને ટકે શેર ખાજાં.

જે માગો તે 'ટકે શેર!'



એવી એ અંધેરી નગરી હતી અને એવો એનો કારભાર હતો.

એ શહેરમાં એક વખતે, એક ગુરૂ અને બીજો એમનો ચેલો, એમ બે જણ આવી ચઢ્યા.

ગુરૂ મોટા ને અનુભવી. ડહાપણના ભંડાર. ચેલો જુવાન ને તરંગી. પૂરો ઘડાયેલો પણ નહિ.

ગુરૂની રજા લઈ ચેલો અંધેરી



નગરીમાં ભિક્ષા માગવા ગયો.


'અહાલેક! ભિક્ષા આપો મૈયા!' એણે ભિક્ષા માગવા માંડી.

ઘરમાંથી બાઈ લોટની વાડકી ભરીને નીકળી અને ચેલાની ઝોળીમાં લોટ નાખ્યો.

'અહાલેક!' કરતા ચેલો બીજે ઘેર ગયો અને ભિક્ષા માગી.

ત્યાંથી પણ આટો મળ્યો.

એમ કરતાં કરતાં ઝોળી ભરાઈ.



ચેલો બજારમાં આવી પહોંચ્યો. એની નજર એક પાટિયા પર પડી. એના ઉપર લખ્યું હતું: 'ટકે શેર આટો.'

બીજા પાટિયા પર લખ્યું હતું: 'ટકે શેર ખાજાં.'

'આ તો મઝાની વાત! ટકે શેર આટો ને ટકે શેર ખાજાં!' ચેલાને વિચાર થયો.

એ તો કંદોઈની દુકાને ગયો. કંદોઈએ પૂછ્યું: 'કેમ મહારાજ! શું જોઈએ છે?'



'સુખડી કેમ આપી?' ચેલાએ પૂછ્યું.

'ત્રણ પૈસે શેર.' કંદોઈએ કહ્યું.

'એને બદલે આટો આપું તો ચાલશે? એનો ભાવ પણ ત્રણ પૈસા છે.'

'હારે! ખુશીથી ચાલશે. જેટલો આટો આપશો તેટલી જ સુખડી જોખી આપીશું.'

'આ તો ઘણું જ સરસ!' એમ કહીને ચેલાએ આટો આપીને સુખડી લીધી.

રાજી થતો થતો એ ગુરુજી પાસે ગયો.



'મહારાજ ! જુઓ તો ખરા હું કેટલી બધી સુખડી લઈ આવ્યો !' ચેલાએ કહ્યું.

'ક્યાંથી લાવ્યો ?' ગુરૂએ પૂછ્યું.

ને ચેલાએ બધી વાત માંડીને કહી.

'બધું જ ટકે શેર ?' ગુરૂએ પૂછ્યું.

'હા મહારાજ ! ટકે શેર ભાજી ને ટકે શેર ખાજાં. ટકે શેર આટો ને ટકે શેર સુખડી.'

'જ્યાં બધું જ એક ભાવે વેચાતું હોય ત્યાં રહેવામાં માલ નથી.' ગુરૂએ કહ્યું.



'ચાલ બેટા! આપણે બીજે ગામ જઈએ.'

એ સાંભળી ચેલાને નવાઈ લાગી. આવું મઝાનું શહેર, જ્યાં ભિક્ષાનો લોટ આપીને સુખડી, ખાજાં કે ઘેબર લેવાય તે છોડી જવાનું ગુરુજી શાથી કહે છે તે એને સમજાયું નહિ.

'જો બેટા! અહીં સારા નરસાની, ચોર કે શાહુકારની એક જ કિંમત હશે.'

પણ ચેલાએ ન માન્યું એટલે ગુરુ એને ત્યાં રહેવા દઈ બીજે ગામ ચાલ્યા ગયા.




ચેલાને તો આ શહેરમાં ફાવી ગયું.

રોજ સવાર થાય કે 'અહાલેક' કરતો એ ભિક્ષા માગવા નીકળી પડે ને જે કૈં મળે તે કંદોઇને આપે ને લાડુ, ઘેબર, મગજ ને સુખડી લઈ આવે ને ખાઈ પીને લહેર કરે.

થોડા દહાડામાં એનું શરીર જાડુ તગડા જેવું અલમસ્ત થઈ ગયું.

'જાડિયો જાડિયો ભીમ!' છોકરાં એની પીઠ પાછળ બોલતાં ને દોડતાં.



એ શહેરમાં એક ડોશી રહે. એ ડોશીને ચાર દીકરા.


એમનો ધંધો ચોરી કરવાનો. રાત પડે ને ચોરી કરવા જાય.

એક વખત એ ચોરી કરવા નીકળ્યા.

રસ્તામાં એક બિલાડી આડી ઉતરી.

'શુકન સારા નથી થતા!' એકે કહ્યું.

'લે હવે હાલ્ય! હાલ્ય! શુકન ઉપર ભરોંસો ના રાખીએ.' બીજો બોલ્યો.



ચારે ભાઈ છગનશેઠની પછીતે પહોંચ્યા. અંધારી રાતઃ કોઈ બોલે કે ચાલે !

એમણે ગણશિયું કાઢ્યું ને ભીંત ખોદવા માંડી. થોડુંક ખોદ્યું ત્યાં તો ભીંત હાલી ઊઠી.

'અલ્યા ભીંત હાલી !' એકે કહ્યું.

'ભલેને હાલી ! કરી દે બાકોરું.'

જરા વધારે ખોદ્યું ત્યાં તો ધડૂમ ધડૂમ કરતી ભીંત પડી ને ચારે ભાઈ દબાઈ ગયા. એમના પર ભીંત તૂટી પડી.




સવાર પડ્યું પણ દીકરાઓ ન આવ્યા એટલે ડોશી તપાસ કરવા નીકળી.

'મારા દીકરાઓને કૈં જોયા?' એણે ઓળખીતા પાળખીતાને પૂછવા માંડ્યું.

કોઈએ એને કહ્યું કે છગનશેઠની ભીંત તૂટી પડી છે ને એની નીચે કોઈ દબાઈ ગયું છે.

લાકડી ઠબકારતી ડોશી ત્યાં ગઈ.

એણે જોયું તો ભીંત તૂટી પડી હતી ને તેની નીચે એના ચારે દીકરા દબાઈ મૂઆ હતા.



ચારે દીકરા મરી ગયા તે જોઈને ડોશી ઘણું ઘણું રડી ને છેવટે રાજા પાસે ગઈ.

'રાજાજી ! મારી ફરિયાદ છે.'

'શાની ફરિયાદ છે ?' રાજાએ પૂછ્યું.

'બાપુ ! મારા ચાર દીકરા ચોરી કરવા જતાં છગનશેઠની ભીંત તૂટી તે દબાઈ મૂઆ.'

'અરે, કોણ હાજર છે ?' રાજાએ બૂમ મારી 'જાવ, હમણાં ને હમણાં છગનશેઠને પકડી લાવો. એણે એવું તે કેવું ઘર ચણ્યું કે ભીંત




તૂટી પડી ને આ ડોશીના ચારે દીકરા દબાઈ ને મરી ગયા!'

સિપાઈઓ દોડ્યા ને છગનશેઠને પકડીને લઈ આવ્યા.

'તમે એવું તે કેવું ઘર ચણ્યું કે ભીંત તૂટી પડી ને આ ડોશીના ચારે દીકરા દબાઈ મૂઆ! તમને શૂળીએ ચઢાવવા જોઈએ.'

'પણ બાપુ!' છગનશેઠ બોલ્યા. 'ઘર તો કડિયાએ ચણ્યું છે તે વાંક હોય તો એનો છે.'



'ખરી વાત! ખરી વાત! કડિયાનો જ વાંક છે. સિપાઈઓ! છગનશેઠને છોડી દો ને કડિયાને શૂળીએ ચઢાવી દો.'

છગનશેઠ છૂટ્યા.

સિપાઈઓ મોતી કડિયાને પકડીને લઈ આવ્યા. રાજાએ એને શૂળીએ ચઢાવી દેવાની સજા કરી.

'બાપુ! મેં તો બરાબર ચણેલું પણ ગારો ઢીલો હતો તેથી એમ થયું હશે.'



'ભલે,' રાજાજી બોલ્યા. 'સિપાઈઓ, એને છોડી દો ને ગારાવાળાને પકડી લાવો.'

મોતી કડિયો છૂટ્યો.

સિપાઈઓ ગરબડ ગારાવાળાને પકડી લાવ્યા. રાજાએ એને શૂળીએ ચઢાવી દેવાની સજા કરી.

'પણ બાપુ! મેં તો બરાબર ગારો કરેલો. વાંક હોય તો પખાલીનો છે. એણે પાણી વધારે રેડ્યું ને ગારો ઢીલો થયો.'



'એમ છે કે!' રાજાજી બોલ્યા. 'સિપાઈઓ, એને છોડી દો ને પખાલીને શૂળીએ ચઢાવો.'

ગરબડ ગારાવાળો છૂટ્યો.

સિપાઈઓએ પાંચા પખાલીને પકડ્યો.

'રાજાજીનો હુકમ છે તે તને શૂળીએ ચઢાવવાનો છે.'

'તો તો ભારે ગજબ થઈ જાય! તમે મને રાજા પાસે લઈ જાવ. હું એમને સમજાવીશ. મને તો મારા જીવની પડી છે.'



સિપાઈઓ એને રાજા પાસે લઈ ગયા.

'કેમ રે પખાલી ! તું કેટલું બધું પાણી નાખી દે છે! ગારો ઢીલો થયો ને ભીંત બરાબર ન ચણાઈ તે પડી ગઈ ને ચાર ખૂન થયાં.'

'બાપજી! એમાં મારો વાંક નથી. હું ગારામાં પાણી નાખતો હતો એવામાં એક ફકીર ચીપીઓ ખખડાવતો ચાલી નીકળ્યો, તેથી પાણી વધારે પડી ગયું.'

'એમ છે કે!' રાજાજી બોલ્યા. 'સિપાઈઓ,



એને છોડી દો ને મુલ્લાંને શૂળીએ ચઢાવો.'

પાંચો પખાલી છૂટ્યો.


સિપાઈઓએ મુલ્લાં ફોદાઅલીને પકડ્યા.

મુલ્લાં બિચારા ખૂદાનું માણસ. શરીરે પાતળા, સીધા સોટા જેવા.

'રાજાજીનો હુકમ છે કે તમને શૂળીએ ચઢાવવા.' સિપાઈઓએ કહ્યું.

'જેવી ખૂદાની મરજી.'

સિપાઈઓ મુલ્લાંજીને શૂળીએ ચઢાવવા



લઈ ચાલ્યા.

શૂળીવાળાએ મુલ્લાં ફીદાઅલીને જોયા. એની નજર પોતાની શૂળી ઉપર ગઈ.

આવી તોતીંગ જાડી શૂળી ઉપર મુલ્લાં જેવા માઈકાંગલા ચઢે તે શોભે ખરા! એ વિચારે એણે ડોકું ધૂણાવ્યું.

સિપાઈને એણે વાત કરી ને રાજાજી પાસે ખુલાસો પૂછવા મોકલ્યો.


સિપાઈ રાજાજી પાસે ગયો.



'બાપુ! શૂળીવાળો કહે છે કે મુલ્લાંજી પાતળા સળેકડા જેવા છે ને શૂળીનું ફળ તો જાડુ છે, તે એના ઉપર મુલ્લાં નહિ શોભે માટે તમે કહો એમ કરીએ.'

'અરે એમાં શું પૂછવા આવ્યો! છેક સવારથી આ વાતનાં પરગણું માંડ્યાં છે તો! જા, કોઈ જાડા માણસને શોધી કાઢ ને એને શૂળીએ ચઢાવી દે.'

સિપાઈએ શૂળીવાળાને રાજાજીનો



સંદેશો કહ્યો.

મુલ્લાં ફીદાઅલી છૂટ્યા.

સિપાઈઓ કોઈ જાડા માણસને શોધવા નીકળ્યા.

'પેલા દીપચંદશા શેઠ જાડા છે.'

'એમનાં કરતાં પણ બીજા વધારે જાડા હશે.'

આમ એ વાતો કરતા જતા હતા ત્યાં એમની નજર પેલા ચેલા ઉપર પડી.



'બરાબર આવો જ જાડો જોઈએ.'

'શૂળી ઉપર પણ શોભી ઊઠશે.'

અને બેઉએ ચેલાને પકડ્યો.

'ચાલો, તમને લઈ જવાના છે. રાજાજીનો હુકમ છે કે તમને શૂળીએ ચઢાવવા.'

'પણ છે શું! શાથી!' ચેલાએ પૂછ્યું.

'તે તો બાપુ જાણે.'

'ચાલો, મને રાજાજી પાસે લઈ જાવ.'

સિપાઈઓ ચેલાને રાજા પાસે લઈ ગયા.



'તારા જેવા માણસો આ શહેરમાં રહે છે તેથી ખૂબ ગુન્હા થાય છે માટે તને શૂળીએ ચઢાવવો જોઈએ.'

'પણ બાપુ! મને થોડી મુદ્દત આપો.'

'શાની મુદ્દત! શૂળીએ ચઢવાની!'

'હા બાપુ! ચાર દિવસની મુદ્દત. હું મારા ગુરૂને મળી આવું ત્યાં સુધીની.'

'ઠીક છે.' રાજાજી બોલ્યા. 'એને હમણાં જવા દો. ચાર દહાડા પછી શૂળીએ ચઢાવજો.'



ચેલો ગયો ગુરુ પાસે ને બધી હકીકત કહી. ગુરુએ એને ધીરજ આપી.

'મેં તો તને પહેલેથી કહ્યું હતું કે એ શાહેરમાં રહેવામાં માલ નથી. જ્યાં બધી ચીજ ટકે શેર હોય ત્યાં ચોર ને શાહુકારનો ન્યાય પણ સરખો જ થાય.' ગુરુએ કહ્યું.

'બાપજી ! મારી ભૂલ થઈ.'

ગુરુએ રસ્તો કાઢ્યો ને શું કરવું તે ચેલાને સમજાવ્યું. બેઉ શૂળીવાળા પાસે ગયા.



ચેલે કહ્યું: 'હવે મને શૂળીએ ચઢાવો.'

ગુરુ કહે: 'એને નહિ, મને શૂળીએ ચઢાવો.' બેઉ જણ રકઝક કરવા માંડી.

શૂળીવાળો ગભરાયો. એણે રાજાજીને ખબર કરી ને રાજાજી ત્યાં આવ્યા.

'તમે શૂળીએ ચઢવાની હોંસાતોંશી કેમ કરો છો?' રાજાજીએ પૂછ્યું.

'આ વખતે એવું મુહૂર્ત છે કે જે શૂળીએ ચઢે તેને સ્વર્ગલોકનું વિમાન મળે એમ



છે માટે રાજાજી, મને શૂળીએ ચઢાવો.'

'ના મહારાજ, મને શૂળીએ ચઢાવો.'

રાજાને વિચાર આવ્યો કે આ રીતે વિમાન મળતું હોય તો એ પોતેજ શૂળીએ કેમ ન ચઢે?

'આ બેઉને પાંચ ગાઉ દૂર લઈ જઈને છોડી મૂકો.' એણે હુકમ કર્યો તેનો તરત અમલ થયો.

'હવે મને શૂળીએ ચઢાવો.' રાજાએ કહ્યું.

શૂળીવાળાએ રાજાને શૂળીએ ચઢાવ્યો.

☆

# અંધેરી નગરી

☆

[ ભુજંગી છંદ ]

પુરી એક અંધેરી ને ગંડુ રાજા,
ટકે શેર ભાજી ટકે શેર ખાજા;
બધી ચીજ વેચાય ત્યાં ભાવ એકે,
કદી સારી બુરી ન વેચે વિવેકે.

ત્યહાં જઇ ચડ્યા બે, ગુરૂ એક ચેલો,
ગયો ગામમાં માગવા શિષ્ય પેલો;
લીધી સુખડી હાટથી આપી આટો,
ગુરૂ પાસ જઇને કહે ખૂબ ખાટચો.

ગુરૂજી કહે રાત રે'વું ન આંહી,
સહુ એક ભાવે ખપે ચીજ જયાંહી;
હશે ચોર ને શાહનો ન્યાય એકે,
નહી હોય શિક્ષા ગુનાની વિવેકે.

ન એ વસ્તીમાં એક વાસો વસીજે,
ચલો સદ્ય ચેલા, જવું ગામ બીજે;
કહે શિષ્ય ખાવા પીવા ખૂબ આંહી,
તજી તેહ હું તો ન આવીશ ક્યાંહી.

ગુરૂએ બહુ બોધ દીધો જ ખાસો,
નહીં યોગ્ય આંહી રહે રાત વાસો;

ન માની કશી વાત તે શિષ્ય જ્યારે,
ગુરૂજી ત્યજીને ગયા ગામ ત્યારે.
રહ્યા શિષ્યજી તો તહીં દિન ઝાઝા,
બહુ ખાઇ પીને થયા ખૂબ તાજા;
પછીથી થયા તેહના હાલ કેવા,
કહું છું હવે હું સૂણો સર્વ તેવા.

☆

[ દોહરા ]

તસ્કર ખાતર પાડવા ગયા વણિકને દ્વાર,
તહાં ભીંત તૂટી પડી ચોર દબાયા ચાર.
માત પ્રભાતે ચોરની ગઇ કરવા ફરિયાદ,
શૂળી ઠરાવી શેઠને, ડોશીની સૂણી દાદ.
એવું ઘર કેવું ચણ્યું ખૂન થયાં તે ઠાર,
રાતે ખાતર ખોદતાં ચોર દબાયા ચાર.
વણિક કહે કડિયા તણો, એમાં વાંક અપાર,
ખરે ખરી એમાં નથી મારી ખોડ લગાર.
કડિયાને શૂળી ઠરી, વણિક બચ્યો તે વાર,
ચૂક ગારો કરનારની, કડિયે કરી ઉચ્ચાર.
ગારો કરનારો કહે, પાણી થયું વિશેષ,
એ તો ચૂક પખાલીની, મારી ચૂક ન લેશ.

પુરપતિ કહે પખાલીને, જો તું શૂળીએ જાય,
આજ પછી આ ગામમાં, એવા ગુના ન થાય.
મુલ્લાં નિસર્યો મારગે, મેં જોયું તે દિશ,
પાણી અધિક તેથી પડ્યું, રાજા છાંડો રીશ.
મુલ્લાંજીને મારવા, કરી એવો નિરધાર,
શૂળી પાસે લઇ ગયા, મુલ્લાંને તે વાર.
ફળ જાડુ શૂળી તણું, મુલ્લાં પાતળે અંગ,
એવી હકીકત ચાકરે, જઇ કહી ભૂપ પ્રસંગ.
ભૂપ કહે શું હરઘડી પૂછો આવી ? કોઇ
શોધી ચઢાવો શૂળીએ, જાડા નરને જોઇ.
જોતાં જોતાં એ જડ્યો, જોગી જાડે અંગ,
બહુ દિન ખાઇને બન્યો, રાતે માતે રંગ.
શિષ્ય મુદત માગી ગયો, ગુરૂ પાસે પસ્તાય,
ગુરૂએ આવી ઉગારીઓ, અદ્ભુત કરી ઉપાય.
જોગી શૂળી પાસ જઇ, કહે ભૂપ સૂણ કાન,
આ અવસર શૂળીએ ચઢે વેગે મળે વિમાન.
ચેલો બોલ્યો હું ચઢું, ને ગુરૂ કહે હું આપ,
અધિપતિ કહે ચઢીએ અમે, પૂરણ મળે પ્રતાપ.
ગુરૂચેલાને ગામથી પહોંચાડ્યા ગાઉ પાંચ,
રાજા શૂળી ઉપર રહ્યો, અંગે વેઠી આંચ.

દલપતરામ

☆